ક્રમાંક:મઉમશબ/ક/૨૦૭૨
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦.બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૧૨/૦૩/૨૦૨૫

પ્રતિ,
નિયામકશ્રીઓ,
ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ના
મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્ર, તમામ.

વિષય - હોળી અને ધૂળેટીના તહેવાર સંબંધે મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રોની સૂચના બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષયના અનુસંધાને જણાવવાનું કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ સામાન્યપ્રવાહ તથા વિજ્ઞાનપ્રવાહની ઉત્તરવહી પરીક્ષણની કામગીરી વિવિધ મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રો પર તા.૧૧/૦૩/૨૦૨૫ થી શરૂ થયેલ છે. આ દરમિયાન તા.૧૩/૦૩/૨૦૨૫ના રોજ હોળી અને તા.૧૪/૦૩/૨૦૨૫ના રોજ ધૂળેટીનો તહેવાર છે.

ઉક્ત બાબતે બોર્ડ દ્વારા નીચે મુજબના નિર્ણય કરવામાં આવે છે.

(૧) તા.૧૩/૦૩/૨૦૨૫ના રોજ મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રોનો સમય સવારે ૭:૩૦ થી ૧૩:૦૦ કલાક સુધીનો રહેશે.

(૨) ધોરણ-૧૦ વિજ્ઞાન (૧૧) વિષયના મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રો તા.૧૩/૦૩/૨૦૨૫ થી શરૂ થનાર છે અને પરીક્ષકોના હુકમમાં ૧૦:૩૦ કલાકનો સમય દર્શાવેલ છે. પરંતુ ઉક્ત તમામ ધોરણ-૧૦ વિજ્ઞાન (૧૧) વિષયના મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રોનો સમય ફક્ત તા.૧૩/૦૩/૨૦૨૫ના દિવસ માટે ૭:૩૦ થી ૧૩:૦૦ કલાકનો રહેશે.

(૩) તા.૧૪/૦૩/૨૦૨૫ના રોજ ધુળેટીની જાહેર રજા હોઈ પરીક્ષણ કાર્ય બંધ રહેશે અને આ દિવસ માટે કોઈપણ કર્મચારીને **TA/DA** મળવાપાત્ર રહેશે નહિ.

(૪) તા.૧૬/૦૩/૨૦૨૫ના રોજ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી **(TPEO)** ની પરીક્ષા યોજાનાર હોઈ, જો કોઈ મૂલ્યાંકન કામગીરીમાં રોકાનાર શિક્ષક કે કર્મચારી ઉક્ત પરીક્ષામાં ઉપસ્થિત થનાર હોય અને તેઓ પરીક્ષણ કાર્યની કામગીરીમાંથી મુક્તિ માગે તો મુક્તિ આપવાની રહેશે. આ દિવસ દરમિયાન પરીક્ષણ કાર્યમાં ન જોડાયેલ શિક્ષક કે કર્મચારીને **TA/DA** મળવાપાત્ર રહેશે નહિ.

(ડી. એસ. પટેલ)
સંયુક્ત નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

નકલ રવાના મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રોના નિયામકશ્રીઓ, શાળાના આચાર્યશ્રીઓ, મૂલ્યાંકનકારો તેમજ સ્થાનિક વર્તમાનપત્રો અને મિડિયા દ્વારા પ્રસિદ્ધ કરી જાણ કરવા સારુ -
-જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ, ગુજરાત રાજ્ય.



Scanned with OKEN Scanner